| | | | |
|---|---|---|---|
| ફાઈલ તારીખ | ૦૨/૦૩/૨૦૨૬ | | |
| દાખલ તારીખ | ૦૨/૦૩/૨૦૨૬ | | |
| ફેંસલ તારીખ | ૩૦/૦૩/૨૦૨૬ | | |
| **સમયગાળો** | **વર્ષ** | **માસ** | **દિવસ** |
| | ૦૦ | ૦૦ | ૨૮ |

सत्यमेव जयते

---

**મહેરબાન ભરૂચના પાંચમાં એડીશનલ સેસન્સ જજ સાહેબની કોર્ટમાં,**
**મુકામ : ભરૂચ**

---

**ફોજદારી પરચુરણ અરજી નં. ૧૬૬/૨૦૨૬**

**આંક : –**

**અરજદાર/આરોપી :–** **સુમીતાબેન મુકેશભાઇ ગંગદાસ વસોયાની વિધવા ઉર્ફે જશુબેન તે ટપુભાઈ રેવાભાઇ રોઝારા મીરની પત્ની,**
રહે. જુના નાવડા ગામ, હનુમાનજીનાં મંદિર પાસે, તા. બરવાડા, જિ. બોટાદ,
(હાલ સબ જેલ, ભરૂચ)

**વિરૂધ્ધ...**

**સામાવાળા :–** **ધ સ્ટેટ ઓફ ગુજરાત.**

**વિષય :– બી.એન.એસ.એસ.ની કલમ–૪૮૩(૨) મુજબ દિન–૬૦ ના વચગાળાનાં જામીન મેળવવાની અરજી.**

---

અરજદાર તરફે વિ. વ. શ્રી કે. બી. મિસ્ત્રી
સરકારશ્રી તરફે વિ. એ.પી.પી.શ્રી જે. જે. પરમાર

---

**–:: ચુકાદો ::–**

**(૧)** નબીપુર પો.સ્ટે. ગુ.ર.નં. I ૬૪/૨૦૧૪ થી ઇ.પી.કો. કલમ–૩૦૨, ૧૨૦(બી), ૩૨૮, ૨૦૧, ૧૧૪ (સેસન્સ કેસ નં. ૩૬/૨૦૨૪) મુજબના ગુનાના કામે અરજદાર/આરોપી તરફે દિન–૬૦ નાં

વચગાળાનાં જામીન ઉપર મુકત થવા હાલની જામીન અરજી કરેલ છે.

(૨) અરજદાર/આરોપીનાં વિ.વકીલશ્રી તથા વિ.એ.પી.પી.શ્રીને સાંભળ્યા, ત.ક.અધિકારીશ્રી તરફે રજુ **આંક–૦૬** નો અભિપ્રાય તથા **આંક–૦૭** થી ભરૂચ જિલ્લા જેલરશ્રીનો ડોકટરનાં અભિપ્રાય સહીતનો રીપોર્ટ તથા આરોપી તરફે **આંક–૦૩** નાં લીસ્ટથી રજુ દસ્તાવેજોને ધ્યાને લીધા.

(૩) અરજદાર/આરોપીનાં વિ.વકીલશ્રીની મુખ્યત્વે એવી દલીલ છે કે, અરજદાર/આરોપીએ કહેવાતો કોઇ ગુનો કરેલ નથી, બનાવમાં સીધો કે આડકતરો ભાગ ભજવેલ નથી. આરોપી તા. ૧૩/૦૫/૨૦૨૪ થી જયુડી. કસ્ટડીમાં છે, તે બાદ આરોપીએ એક પણ દિવસના વચગાળાનાં જામીનની માંગણી આજદિન સુધી કરેલ નથી, જેથી આરોપીનાં વચગાળાનાં જામીન આપવા રજુઆત કરેલ છે. વધુમાં રજુઆત છે કે, આરોપીનો એફ.આઇ.આર.માં કોઇપણ પ્રકારનો રોલ બતાવવામાં આવેલ નથી, નામ. કોર્ટે ફો.પ.અ.નં. ૨૭/૨૦૧૬ ના કામે ગુણદોષ ઉપર નિર્ણય કરી આરોપીને જામીન ઉપર મુકત કરેલ, પરંતુ શરતચુકથી કાયદાની અજ્ઞાનતાનાં કારણે સેસન્સ કેસ નં. ૩૫/૨૦૧૫ નાં કામે હાજર રહી શકેલ નહી, પરંતુ હાલનાં કેસની ટ્રાયલ દરમ્યાન નિયમીત અને સમયસર હાજર રહેલ, જેથી વચગાળાનાં જામીન આપવા રજુઆત કરેલ છે. વધુમાં રજુઆત છે કે, હાલનાં કેસમાં ફરીયાદી સહીતનાં મહત્વનાં સાહેદો તપાસવામાં આવેલ છે, જેને જામીન અરજીનાં નિર્ણય સમયે ધ્યાને લેવામાં આવે તો, તપાસાયેલા સાહેદો હોસ્ટાઇલ જાહેર થયેલ છે અને ફરીયાદપક્ષનાં કેસને સમર્થન કરતા નથી. વધુમાં રજુઆત છે કે, અરજદાર/આરોપી સ્ત્રી બાઇ છે અને આરોપી સાથે સબ જેલ, ભરૂચમાં તેમની દિકરી નામે દિશા છે, જે ખુબ જ નાની છે જેને વધુ સમય જેલમાં રાખવામાં આવે તો તેના તથા આરોપીનાં માનસપટ

ઉપર ખુબ જ ગંભીર અસરો પડી શકે છે તેથી પણ વચગાળાનાં જામીન આપવા રજુઆત કરેલ છે. વધુમાં રજુઆત છે કે, અરજદાર/આરોપીને શરીરમાં દુ:ખાવો ઉપડતા અને તબીયત બગડતા તા. ૧૭/૦૨/૨૦૨૬ નાં રોજ સિવિલ હોસ્પીટલ, ભરૂચ ખાતે સારવાર કરાવવા માટે લઈ ગયેલ, જયાં ડોકટરશ્રીએ સારવાર કરી ગર્ભાશયમાં ગાંઠ હોવાનું નિદાન આપેલ અને ગાંઠનું ઓપરેશન આરોપીએ ખાનગી હોસ્પી.માં કરાવવુ ખુબ જ જરૂરી છે, જેથી દિન–૬૦ ના વચગાળાનાં જામીન આપવા રજુઆત કરેલ છે, જો આરોપીને ઓપરેશન કરાવવા માટે વચગાળાનાં જામીન આપવામાં નહી આવે તો આરોપીનાં શરીરની સ્થિતી ખુબ જ ગંભીર થઈ શકે તેમ છે. અરજદાર/આરોપીને જામીન ઉપર મુકત કરવામાં આવશે તો ટ્રાયલ દરમ્યાન હાજર રહેવાની ખાત્રી આપે છે અને નામ. કોર્ટ જે શરતો જણાવે તેનું પાલન કરવા ખુશી છે, જેથી અરજદાર/આરોપીને દિન–૬૦ ના વચગાળાનાં જામીન ઉપર મુકત કરવા રજુઆત કરેલ છે. વધુમાં રજુઆત છે કે, અરજદાર/આરોપી ખાનગી હોસ્પીટલમાં તેમની ટ્રીટમેન્ટ કરાવવા માંગે છે. આરોપીને ગર્ભાશયનો પ્રોબ્લેમ છે અને જો આરોપીની ટ્રીટમેન્ટ સરકારી હોસ્પીટલમાં કરવામાં આવે અને જો ઓપરેશન નિષ્ફળ જાય તો આરોપીને ભવિષ્યમાં બાળકો થવામાં મુશ્કેલી પડે તેમ છે. વધુમાં સિવિલ હોસ્પીટલમાં ઓપરેશન બાદ યોગ્ય કાળજી રાખી શકાય નહી. વધુમાં રજુઆત છે કે, જો આરોપીને દિન–૬૦ નાં વચગાળાનાં જામીન મંજુર કરવામાં આવે તો, આરોપી ખાનગી હોસ્પીટલમાં તેમની સારવાર કરાવી પરત ઘરે આવી તેમની કાળજી રાખી શકાય તેમ છે. સિવિલ હોસ્પીટલમાં આવી કાળજી શકય નથી અને જેથી આરોપીને દિન–૬૦ નાં વચગાળાનાં જામીન મંજુર કરવા રજુઆત કરેલ છે.

(૪) ફરીયાદપક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રીની આઇ.ઓ.નાં **આંક–૦૬** નાં અભિપ્રાયને અનુરૂપ મહત્વની દલીલ કરી રજુઆત કરેલ છે કે, આ

અગાઉ હાલનાં ગુનાના કામે હાલનાં અરજદાર/આરોપી સુમીતાબેન તે મુકેશભાઇ ગંગદાસ વસોયાની વિધવા ઉર્ફે જશુબેન તે ટપુભાઇ રેવાભાઇ રોઝારા મીરની પત્ની તથા અન્ય સહ–આરોપી ધનસુખભાઇ ઉર્ફે ધના ભગતનાઓ વિરૂધ્ધ સેસન્સ કેસ નં. ૩૫/૨૦૧૫ થી સેસન્સ કેસ દાખલ થયેલ અને તે કેસ હાલનાં અરજદાર/આરોપી સુમીતાબેન તેમજ સહ–આરોપી ધનસુખભાઇ ઉર્ફે ધના ભગત વિરૂધ્ધ પેન્ડીંગ હતો અને સાહેદો પણ તપાસવામાં આવેલ તે દરમ્યાન હાલનાં અરજદાર/આરોપી સુમીતાબેનનાઓને ક્રિ.પ.અ.નં. ૨૭/૨૦૧૬, તા. ૦૧/૦૨/૨૦૧૬ નાં રોજ જામીન ઉપર મુકત કરવામાં આવેલ અને ત્યારબાદ સેસન્સ કેસ નં. ૩૫/૨૦૧૫ નાં ટ્રાયલનાં કામે હાલનાં અરજદાર/આરોપી હાજર નહી રહેતા તેઓનુ ટ્રાયલ સેપરેટ કરવામાં આવેલ અને સહ–આરોપી ધનસુખભાઇ ઉર્ફે ધનાભગતનાઓને આજીવન કેદની સજા કરવામાં આવેલ. વધુમાં એવી દલીલ છે કે, ત્યારબાદ હાલનાં અરજદાર/આરોપીની ધરપકડ થતા ત.ક.અધિકારીશ્રીએ તેઓની સામે નવેસરથી ચાર્જશીટ દાખલ કરતા તે કેસ સેસન્સ કમીટ થઇ સેસન્સ કેસ નં. ૩૬/૨૦૨૪ થી દાખલ થયેલ અને હાલ હાલનાં અરજદાર/આરોપી સામે સેસન્સ કેસ નં. ૩૬/૨૦૨૪ પેન્ડીંગ છે, જે આરોપીનાં એફ.એસ. માટે પેન્ડીંગ છે. વધુમાં એવી દલીલ છે કે, આમ હાલનાં અરજદાર/આરોપી અગાઉનાં ટ્રાયલ દરમ્યાન જામીન ઉપર મુકત થયા બાદ કોર્ટમાં હાજર થયેલ નથી, જેથી જો આરોપીને વચગાળાનાં જામીન ઉપર મુકત કરવામાં આવે તો, કોર્ટમાં હાજર રહેશે નહી તેવી શકયતા છે. વધુમાં એવી દલીલ છે કે, હાલનાં ટ્રાયલ દરમ્યાન અરજદાર/આરોપીની આ અગાઉની ક્રિ.પ.અ.નં. ૪૮૧/૨૦૨૪ થી જામીન અરજી કરેલ, જે તા. ૨૭/૦૬/૨૦૨૪ નાં રોજ નામંજુર કરવામાં આવેલ, ત્યારબાદ નામ. હાઇકોર્ટમાં ક્રિ.પ.અ.નં. ૧૬૮૧૮/૨૦૨૪ થી જામીન અરજી કરતા જે આરોપીએ વિડ્રો કરેલ અને ત્યારબાદ આરોપીએ ક્રિ.પ.અ.નં. ૧૦૨૦/૨૦૨૪ થી જામીન અરજી કરતા સેસન્સ કોર્ટ દ્વારા તા.

૦૭/૦૧/૨૦૨૫ નાં રોજ જામીન અરજી નામંજુર કરવામાં આવેલ છે. વધુમાં એવી દલીલ છે કે, આરોપી સામેનાં આક્ષેપીત ગુનાની હકીકતો જોતા, હાલનાં અરજદાર/આરોપીનાઓએ અન્ય સહ-આરોપીઓ સાથે મળી પૂર્વઆયોજતી કાવતરુ રચી તેમનાં પતિ મુકેશભાઇનું ખૂન કર્યાનો આક્ષેપ છે. આમ, આરોપી સામેનાં ગુનાની ગંભીરતા જોતા, હાલની વચગાળાની જામીન અરજી નામંજુર કરવા રજુઆત કરેલ છે. વધુમાં રજુઆત છે કે, આ કામે જેલરશ્રીનો રીપોર્ટ મંગાવવામાં આવેલ છે અને તે મુજબ આરોપીની ભરૂચ સિવિલ હોસ્પીટલમાં રેગ્યુલર ટ્રીટમેન્ટ ચાલે છે અને તેમનાં જરૂરી રીપોર્ટ પણ સિવિલ હોસ્પીટલમાંથી કરાવવામાં આવેલ છે. આમ, આરોપીની રેગ્યુલર ટ્રીટમેન્ટ ચાલી આવેલ હોય અને સિવિલ હોસ્પીટલમાં આ ટ્રીટમેન્ટ મળી શકે તેમ હોય હાલની વચગાળાની જામીન અરજી નામંજુર કરવા રજુઆત કરેલ છે.

(૫) ઉપરોકત બંને પક્ષકારોની રજુઆત, ચાર્જશીટનાં પેપર્સ તથા આરોપી સામેનો ગુનો અને આરોપીના રોલને ધ્યાને લેવામાં આવે તો, મરણજનાર મુકેશભાઈની પત્ની હાલનાં આરોપી નં. ૧ સુમિતાબેનને આરોપી નં.ર ધનસુખભાઈ ઉર્ફે ધના ભગત સાથે પ્રેમ સંબંધ હોવાની જાણ મરણજનાર મુકેશભાઈને થતા ઝગડો થતો હોય હાલનાં અરજદાર /આરોપી નં. ૧ નાઓએ આરોપી નં.ર ધનસુખભાઈ ઉર્ફે ધના ભગત અને આરોપી નં.૩ વિનુભાઈ સાથે મળી આ ત્રણેય આરોપીઓએ પુર્વ આયોજીત કાવત્રુ રચી મુકેશભાઈને જાનથી મારી નાખવાના ઈરાદે સુરત ખાતે મરણજનારના ઘરે આવી હાલનાં અરજદાર/આરોપી નં.૧ સુમિતાબેને ઘેનની ગોળીઓ મરણજનાર મુકેશભાઈને શરબતમાં પીવડાવી બેભાન કરી એસ્ટીમ કાર નં.જીજે-૦૫-એફએફ-૧૯૦૧ માં આરોપી નં. ૨, ૩ નાઓએ મરણ જનાર મુકેશને બેસાડીને ને.હા.નં. ૮ મારફતે નબીપુર બ્રીજ

પાસે આવી ચાલુ ગાડીમાં આરોપી નં. ૨, ૩ નાઓએ મરણજનાર મુકેશને દોરડા વડે ગળે ટુપો મારી તથા આરોપી નં. ૩ નાએ ધારદાર છરીથી મુકેશભાઈને આશરે ૨૮ જેટલા જીવલેણ ઘા મારી તેનુ મોત નીપજાવી મરણ જનાર મુકેશભાઈની લાશને ને.હા.નં. ૪૮ ઉપર આવેલ લુવારા ગામ પાસે આવેલ વરસાદી કાંસમાં નાખી, ગુનો કરતી વખતે પહેરેલ લોહીવાળા કપડા તથા એસ્ટીમ કારના સીટ કવરો રસ્તામાં નાંખી દઈ પુરાવાનો નાશ કરી, અને તે બાદ આરોપીઓને લાગી આવતા આરોપી નં. ૨, ૩ નાઓએ કપાસમાં છાંટવાની ઝેરી દવા પી જતા રાજકોટ સરકારી હોસ્પીટલમાં સારવાર માટે દાખલ કરેલ જે પૈકી આરોપી નં.૩ વિનુભાઈ બાબુભાઈ બગથળીયા(વાળંદ) નાઓ તા.૧૫/૯/૧૪ ના રોજ કલાક ૧૯:૦૦ વાગે મરણ ગયેલ અને આ કામે હાલનાં અરજદાર/આરોપી નં. ૧ અને આરોપી નં. ૨ નાઓ જયુડીશીયલ કસ્ટડીમાં હોય તે દરમ્યાન હાલનાં અરજદાર/આરોપી નં. ૧ નાં સને-૨૦૧૬ માં રેગ્યુલર જામીન મંજુર થયેલ, ત્યારબાદ હાલનાં અરજદાર/આરોપી કેસની ટ્રાયલ દરમ્યાન હાજર નહી રહેતા આરોપી નં. ૨ ધનસુખ ઉર્ફે ધના ભગતનાઓની અરજ મુજબ હાલના અરજદાર/આરોપી સુમીતાબેન સામેનુ ટ્રાયલ સેપરેટ કરી સેશન્સ કેસ નં.૩૫/૧૫ નો કેસ આગળ ચલાવવામાં આવેલ અને તા.૧૦/૮/૨૦૨૨ નાં રોજ નામદાર સેશન્સ જજ ધ્વારા ચુકાદો આપેલ, જેમાં આરોપી નં. ૨ ધનસુખભાઈ ઉર્ફે ધના ભગતનાઓને આજીવન કેદની સજા થયેલ તે બાદ આરોપી નં. ૨ નાએ નામદાર ગુજરાત હાઈકોર્ટમાં ક્રિમીનલ એપ્લીકેશન નં.૩૨૬/૨૦23 થી રજુઆત કરતા હાલનાં

અરજદાર/આરોપી સુમીતાબેનને શોધવા હુકમ કરતા તા. ૧૩/૫/૨૦૨૪ નાં કલાક ૧૨:૧૦ વાગે હાલનાં અરજદાર/આરોપી સુમીતાબેનને પકડી અટક કરી નામદાર કોર્ટ ભરૂચમાં રજુ કરતા હાલનાં અરજદાર/આરોપી વિરૂધ્ધ અલગથી ચાર્જશીટ કરવામાં આવેલ, જે સેસન્સ કેસ નં. ૩૬/૨૦૨૪ થી હાલ પેન્ડીંગ છે અને સદર કેસ આરોપીનાં એફ.એસ. લેવા માટે મુલત્વી છે.

(૬) આમ, હાલનાં ગુનામાં અરજદાર/આરોપીનો રોલ જોવામાં આવે તો, આરોપીએ ગુનામાં મહત્વનો ભાગ ભજવેલાનું સ્પષ્ટ થાય છે, જેથી આરોપી વિરૂધ્ધ પ્રથમદર્શનિય કેસ હોવાનું જણાય છે. વધુમાં હાલનાં અરજદાર/આરોપી સામે આ અગાઉ સેસન્સ કેસ નં. ૩૫/૨૦૧૫ થી ટ્રાયલ પેન્ડીંગ હતુ અને હાલનાં અરજદાર/આરોપી જામીન ઉપર મુકત હતા, પરંતુ હાલનાં અરજદાર/આરોપી સેસન્સ કેસ નં. ૩૫/૨૦૧૫ નાં ટ્રાયલ દરમ્યાન કોર્ટમાં હાજર નહી રહેતા તેઓની સામેનું ટ્રાયલ સેપરેટ કરવાનો હુકમ કરવામાં આવેલ અને અન્ય સહ–આરોપી ધનસુખ ઉર્ફે ધના ભગતને આજીવન કેદની સજા કરવામાં આવેલ અને ત્યારબાદ હાલનાં અરજદાર/આરોપીની ધરપકડ થતા ત.ક.અધિકારીશ્રીએ તેઓની સામે નવેસરથી ચાર્જશીટ કરતા જે કેસ સેસન્સ કમીટ થતા હાલ સેસન્સ કેસ નં. ૩૬/૨૦૨૪ થી સેસન્સ કેસ પેન્ડીંગ છે અને તેમાં પુરાવો રેકર્ડ કરવામાં આવેલ છે અને સદર કેસ આરોપીનાં એફ.એસ. રેકર્ડ કરવા ઉપર છે. આ હકીકતો ધ્યાને લેતા, આરોપીની અગાઉની વર્તણૂંક જોતા જો આરોપીને વચગાળાનાં જામીન ઉપર મુકત કરવામાં આવે તો, કોર્ટમાં હાજર રહે તેવી શકયતા જણાતી નથી, તે સંજોગોમાં

આરોપીને વચગાળાનાં જામીન ઉપર મુકત કરવા ન્યાયોચિત જણાતું નથી.

(૭) વધુમાં હાલનાં અરજદાર/આરોપીએ મુખ્યત્વે આરોપીને ગર્ભાશયમાં ગાંઠ હોય તેઓ ખાનગી હોસ્પીટલમાં તેનું ઓપરેશન કરાવવા માંગતા હોય દિન–૬૦ નાં વચગાળાનાં જામીનની માંગણી કરેલ છે, પરંતુ આ કામે જિલ્લા જેલરશ્રીનો રીપોર્ટ કે જે **આંક– ૦૭** થી રજુ થયેલ છે તે ઘ્યાને લેતા, હાલનાં અરજદાર/આરોપીની રેગ્યુલર સારવાર સિવિલ હોસ્પીટલ, ભરૂચ ખાતે ગાયનેક વિભાગમાં ચાલી રહેલ છે અને ડોકટરશ્રીએ તેનાં રીપોર્ટ પણ કઢાવેલા છે તેમજ ડોકટરશ્રીનાં અભિપ્રાય મુજબ હાલનાં અરજદાર/આરોપીને જે ઓપરેશન કરાવવાનું છે તે ઓપરેશન ભરૂચ સિવિલ હોસ્પીટલ ખાતે દુરબીનથી તેમજ ચેકો મારીને પણ થઈ શકે તેવી સુવિધા ઉપલબ્ધ છે તેમ જણાવેલ છે. આમ, જેલરશ્રી તેમજ ડોકટરશ્રીનો અભિપ્રાય ઘ્યાને લેતા, અરજદાર/આરોપીની સારવાર ભરૂચ સિવિલ હોસ્પીટલમાં પણ થઈ શકે તેમ હોય આરોપી ખાનગી હોસ્પીટલમાં સારવાર કરાવવા માંગે છે તેટલા માત્રથી આરોપીને વચગાળાનાં જામીન ઉપર મુકત કરવા ન્યાયોચિત જણાતું નથી.

(૮) આમ, ઉપરોકત તમામ ચર્ચા કરી તે મુજબ આરોપી સામે ઈ.પી.કો. કલમ–૩૦૨ મુજબનાં ગંભીર પ્રકારનાં ગુનાનો આક્ષેપ છે અને હાલનાં અરજદાર/આરોપી આ અગાઉનાં ટ્રાયલ (સેસન્સ કેસ નં. ૩૫/૨૦૧૫ નાં) દરમ્યાન જામીન ઉપર વર્ષ–૨૦૧૬ માં મુકત થયેલ હોવા છતા ટ્રાયલ (સેસન્સ કેસ નં. ૩૫/૨૦૧૫ નાં કામે) દરમ્યાન હાજર રહેલા નહી અને જેથી તેમની સામેનું ટ્રાયલ સેપરેટ

કરી અન્ય સહ–આરોપીને આજીવન કેદની સજા કરવામાં આવેલ હોય અને ત્યારબાદ હાલનાં અરજદાર/આરોપીની સને–૨૦૨૪ માં ધરપકડ થતા આરોપી સામે ત.ક.અધિકારીશ્રીએ નવેસરથી ચાર્જશીટ દાખલ કરેલ જે સેસન્સ કેસ નં. ૩૬/૨૦૨૪ થી હાલ પેન્ડીંગ હોય, તે હકીકત ધ્યાને લેતા આરોપીની વર્તણૂંક જોતા, જો આરોપીને વચગાળાનાં જામીન ઉપર મુકત કરવામાં આવે તો, ફરીથી હાજર થાય તેવી શકયતા જણાતી નથી. વધુમાં જેલરશ્રીનાં રીપોર્ટ મુજબ હાલનાં અરજદાર/આરોપીની સારવાર ભરૂચ સિવિલ હોસ્પીટલ ગાયનેક વિભાગમાં ચાલી રહેલ છે અને તેમની ટ્રીટમેન્ટ ભરૂચ સિવિલ હોસ્પીટલમાં થઈ શકે તેમ છે, તે સંજોગોમાં આરોપી ખાનગી હોસ્પીટલમાં સારવાર કરાવવા માંગે છે તેટલા માત્રથી જ આરોપીને વચગાળાનાં જામીન ઉપર મુકત કરવા ન્યાયોચિત જણાતું ન હોય હાલની વચગાવાળાની જામીન અરજી નામંજુર કરતો છેવટનો આખરી હુકમ નીચે મુજબ કરવામાં આવે છે.

**:: હુકમ ::**

(૧) અરજદાર/આરોપી **સુમીતાબેન મુકેશભાઇ ગંગદાસ વસોયાની વિધવા ઉર્ફે જશુબેન તે ટપુભાઇ રેવાભાઇ રોઝારા મીરની પત્ની,** રહે. જુના નાવડા ગામ, હનુમાનજીનાં મંદિર પાસે, તા. બરવાડા, જિ. બોટાદ, (હાલ સબ જેલ, ભરૂચ)નાઓની નબીપુર પો.સ્ટે. ગુ.ર.નં. I ૬૪/૨૦૧૪ થી ઈ.પી.કો. કલમ–૩૦૨, ૧૨૦(બી), ૩૨૮, ૨૦૧, ૧૧૪ (સેસન્સ કેસ નં. ૩૬/૨૦૨૪) મુજબના કામે દિન–૬૦ ના વચગાળાનાં જામીન ઉપર મુકત થવાની હાલની જામીન અરજી **નામંજુર** કરવામાં આવે છે.

(૨) આ હુકમની જાણ સંબંધીત પોલીસ સ્ટેશનને કરવી.

(૩) આ હુકમની એક નકલ સંબંધીત જેલમાં આરોપીને આપવા માટે મોકલવી અને સુપ્રિન્ટેન્ડન્ટ/જેલરશ્રીએ આરોપીને નકલ આપ્યાનો અત્રેની કોર્ટને રીપોર્ટ કરવો.

આ હુકમ આજ **તા. ૩૦ મી, માહે : માર્ચ, સને : ૨૦૨૬** ના રોજ અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા. ૩૦/૦૩/૨૦૨૬
સ્થળ : ભરૂચ

SUC

**(પિંકલ એમ. સોની )**
પાંચમા એડીશનલ સેસન્સ જજ,
ભરૂચ.
**(કોડ નં. જી.જે. ૦૦૭૪૭)**